# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૬/૫૮૪

તા. ૧૨/૦૮/૨૦૧૬

## પરિપત્ર-૭૫

વિષય : P.A.E.C. રદ્દ કરવા બાબત.

સંદર્ભ : ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (A.I.U.) નો તા. ૧૬/૦૬/૨૦૧૬ નો પત્ર ક્રમાંક EV/VII(5)/2016/749 તેમજ તા. ૨૫/૦૭/૨૦૧૬ નો પત્ર ક્રમાંક EV/VII(5)/2016/1187.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એ., બી.કૉમ. અને બી.એસસી. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોમાં પ્રવેશ માટે જી.એસ.ઈ.બી., ગાંધીનગર સિવાયના અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે આ યુનિવર્સિટીનું P.A.E.C માટેનું ફોર્મ ભરી, P.A.E.C સર્ટીફીકેટ મેળવી ફોર્મ સાથે સામેલ કરવું જરૂરી છે. આ સંદર્ભમાં ઝારખંડ સ્ટેટ ઓપન સ્કુલ, રાંચીના ગુજરાત રાજ્યમાં આવેલા સ્ટડી સેન્ટર માંથી એચ.એસ.સી. ની પરીક્ષા પાસ કરેલા વિદ્યાર્થીઓએ પણ આ યુનિવર્સિટી સંલગ્ન બી.એ., બી.કૉમ. અને બી.એસસી. કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે આ યુનિવર્સિટીનું P.A.E.C નું ફોર્મ ભરેલ છે અને આ યુનિવર્સિટી તરફથી આવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને P.A.E.C સર્ટીફીકેટ પણ ઇસ્યુ કરવામાં આવેલ છે.

ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (A.I.U.) ના સંદર્ભમાં દર્શાવેલ પત્ર મુજબ કાઉન્સીલ ઓફ બોર્ડસ ઓફ સ્કુલ એજ્યુકેશન ઈન ઇન્ડિયા, ન્યુ દિલ્હીની વેબસાઈટ તપાસતા ઝારખંડ સ્ટેટ ઓપન સ્કુલ, રાંચીનો અને તેના ગુજરાત રાજ્યમાં આવેલા સ્ટડી સેન્ટરની માન્યતાનો કોઈપણ ઉલ્લેખ થયેલો નથી, જેથી ઝારખંડ સ્ટેટ ઓપન સ્કુલ, રાંચીના ગુજરાત રાજ્યમાં આવેલા સ્ટડી સેન્ટર માંથી એચ.એસ.સી. ની પરીક્ષા પાસ કરેલા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટી સંલગ્ન કોઈપણ કૉલેજમાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવતા નથી અને આવા વિદ્યાર્થીઓને F.A.E.C સર્ટીફીકેટ આપવામાં આવશે નહી જેથી આવા વિદ્યાર્થીઓએ જે કૉલેજમાં પ્રવેશ મેળવેલ છે તે કૉલેજના આચાર્યશ્રીઓને આ વિદ્યાર્થીઓના પ્રવેશ તાત્કાલિક અસરથી રદ્દ કરવા સુચના આપવામાં આવે છે. વધુમાં આ પ્રકારે રદ્દ થયેલ વિદ્યાર્થીઓની યાદી યુનિવર્સિટીને જાણ સારૂં મોકલી આપવા વિનંતી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવસિટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાની તમામ કૉલેજના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

નકલ રવાના:

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારૂં.